# ભારતના રાષ્ટ્રીય પ્રતિકો

**રાષ્ટ્રીય ધ્વજ:** રાષ્ટ્રીય ધ્વજ 'ત્રિરંગો' સમાન અનુપાત (3:2) ધરાવતા કાપડ અથવા કાગળ પર ત્રણ આડી પટ્ટીઓ છે. સૌથી ઉપરની પટ્ટીનો રંગ ઘેરો કેસરી, વચ્ચે સફેદ અને સૌથી નીચે લીલો રંગ હોય છે. વચ્ચેની પટ્ટીના મધ્યમાં એક ચક્ર છે જેમાં 24 આરીઓ છે. ચક્રનું પ્રારૂપ સારનાથ સ્થિત અશોકના સિંહ સ્તંભ પર આધારિત છે. સંવિધાન સભાએ રાષ્ટ્રીય ધ્વજનું આ ધોરણ 22 જુલાઈ, 1947ના દિવસે અપનાવ્યુ હતું.

**રાજ ચિહ્ન:** ભારતનું રાજ ચિહ્ન સારનાથ સ્થિત અશોકના સિંહ સ્તંભની આકૃતિ છે. મુળ સ્તંભમાં ચાર સિંહ છે જે એકબીજા તરફ પીઠ રાખીને બેઠેલા છે. સિંહની આકૃતિ નીચે પટ્ટીમાં એક બાજુ સાંઢ અને ઘોડાની આકૃતિ છે. આ સમગ્ર ચિહ્નની નીચે મુંડકોપનિષદનું સૂત્ર 'સત્યમેવ જયતે' દેવનાગરી લિપિમાં લખેલું છે. ભારત સરકારે આ રાજ ચિહ્ન 26 જાન્યુઆરી, 1950ના દિવસે અપનાવ્યું હતું.

**રાષ્ટ્રગાન:** રવિન્દ્રનાથ ટાગોર દ્વારા મુળ બંગલામાં રચિત અને સંગીતબદ્ધ 'જન–ગણ–મન'ની હિન્દી આવૃતિ ભારતના રાષ્ટ્રગાન સ્વરૂપે સંવિધાન સભાએ 24 જાન્યુઆરી, 1950ના દિવસે અપનાવી. આ ગીતમાં કુલ પાંચ પદ છે, જેને ગાવા માટેનો સમય 52 સેકન્ડ છે. સર્વપ્રથમ આ ગીત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં 27 ડિસેમ્બર, 1911નાં રોજ ગાવામાં આવ્યું હતું.

**રાષ્ટ્રગીત:** બંકિમચન્દ્ર ચેટર્જી રચિત 'વન્દે માતરમ' ગીતને ભારતીય સંવિધાન સભા દ્વારા રાષ્ટ્રગીત તરીકે અપનાવવામાં આવ્યું છે. સર્વપ્રથમ આ ગીત 1896માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશનમાં ગાવામાં આવ્યું હતું.

**રાષ્ટ્રીય પંચાગ:** ગ્રેગ્રરિયન કેલેન્ડરની સાથે સાથે સમગ્ર દેશ માટે શક સંવત પર આધારિત એકરૂપ રાષ્ટ્રીય પંચાગ 22 માર્ચ, 1957ના રોજ અપનાવાયું. આ કેલેન્ડરનો પ્રથમ મહીનો ચૈત્ર છે.

**રાષ્ટ્રીય પશું:** વાઘ (પૈંથરા ટાઇગ્રિસ–લિન્નાયસ)
**રાષ્ટ્રીય પક્ષી:** मोर/ મયુર (પાવો ક્રિસ્ટેટ્સ)
**રાષ્ટ્રીય જલીય જીવ:** ડૉલ્ફિન
**રાષ્ટ્રીય વાક્ય:** સત્યમેવ જયતે
**રાષ્ટ્રીય નારો:** શ્રમેવ જયતે
**રાષ્ટ્રીય લિપિ:** દેવનાગરી
**રાષ્ટ્રીય ખેલ:** હૉકી
**રાષ્ટ્રીય દસ્તાવેજ:** શ્વેત પત્ર
**રાષ્ટ્રીય વૃક્ષ:** વડ
**રાષ્ટ્રીય ફળ:** કેરી
**રાષ્ટ્રીય નદી:** ગંગા
**રાષ્ટ્રીય સંવત:** શક
**રાષ્ટ્રીય પર્વ:** 15 ઑગષ્ટ, 26 જાન્યુઆરી, 2 ઑક્ટોબર
**રાષ્ટ્રીય ફુલ:** કમળ
**રાષ્ટ્રીય વિરાસત પશુ:** હાથી

Monday Musings

Downloaded from http://mm.rijadeja.com 